જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૩૫/૨૦૨૫**

ગોમતીપુરઃ દિપકકુમાર નટવરભાઇ કસલકર (ઉ.વ.૨૯)(રહે.રમણપુરાની ચાલી, નગરી મિલ સામે, ગોમતીપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૫ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાજર હતા ત્યારે અજાણ્યા મોબાઇલ નંબર +૯૧ ૮૮૭૩૯૨૭૯૧૭ તથા +૯૧ ૮૮૭૪૬૨૪૧૨૮ ઉપરથી કોઇ અજાણી વ્યક્તિએ Axis Bank Neo ક્રેડીટ કાર્ડ વેરીફીકેશન ડીપાર્ટમેન્ટમાંથી બોલું છું તેમ કહી દિપકકુમાર સાથે વાતચીત કરી, તેમને વિશ્વાસમા લઇ, દિપકકુમારનો મોબાઇલ ફોન કોઇપણ રીતે હેક કરી OTP મેળવી લઇ, દિપકકુમારના Axis Bank Neo ના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૨,૪૬,૩૪૯/– નું ટ્રાન્ઝેક્શન કરી લઇ દિપકકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૬/૨૦૨૫**

શાહીબાગઃ રાજેશભાઇ મોહનલાલ ગુપ્તા (ઉ.વ.૫૯)(રહે.રાજનગર મીલની ચાલી, ઇદગાહ દરીયાપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૫ ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ ગીરધરનગર બ્રિજ ઉપર પોતાનુ ઇલેક્ટ્રિક સ્કુટર લઈ પસાર થતા હતા ત્યારે એક કે.ટી.એમ. મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી રાજેશભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૫૩૭/૨૦૨૫**

કાગડાપીઠઃ શારદાબહેન વા/ઓ દીનેશભાઈ પંચાલ (ઉ.વ.૫૦)(રહે.શિવનગરી, નારાયણ કોટની ચાલ, આંબીવલી પુર્વ, મુંબઈ, મહારાષ્ટ્ર મુળ રહે– ગામ જનાલી, તાલુકો– ભિલોડા જીલ્લો અરવલ્લી) એ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદીર એસ.ટી બસ સ્ટેન્ડ પ્લેટ ફોર્મ નંબર–૧૦ ઉપર હિંમતનગર જતી એસ.ટી. બસમા ચડતી વખતે કોઇ અજાણી વ્યક્તિએ ભીડનો લાભ લઇ શારદાબહેનની નજર ચૂકવી તેમના પર્સમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૪૦,૫૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૩૮/૨૦૨૫**

વાડજઃ જીતેન્દ્રભાઈ મહેશભાઈ પંચાલ (ઉ.વ.૩૦)(રહે.ભાગ્યલક્ષ્મી સોસાયટી ચંદ્રભાગા હાઉસિંગ બોર્ડ. મુળ રહે.પંચાલ વાસ, ગામ: લાખવડ, તા.જી.: મહેસાણા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ભાગ્યલક્ષ્મી સોસાયટી ખાતે આવેલ પોતાની ફોઈના ઘરની ગેલેરીમાંથી નીચે કુદકો મારતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર સોમાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી